## જન્મદિને વધામણી



**નરસિંહ મણીલાલ પરમાર**
સ્થાપક, મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી રામ સેવા ટ્રસ્ટ
સ્થાપક, મંત્રી
શ્રી સાંઈ કૃપા સેવા ટ્રસ્ટ
મો. ૮૯૮૦૭ ૧૦૫૩૯



**અમૃતભાઈ બી પટેલ**
મો. ૯૪૨૭૬ ૨૫૧૩૭



**હિત તેજલકુમાર શેઠ**
મો. ૯૮૨૫૭ ૯૯૦૪૫



**સાક્ષી સંદિપકુમાર વ્યાસ**
મો. ૯૯૨૪૧ ૯૯૪૯૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



સ્વાધ્યાય પરિવારના યુવા કેન્દ્રના યુવાનો દ્વારા પથનાટ્યના માધ્યમથી શ્રીકૃષ્ણના વિચારો સમાજમાં પ્રસરાવવાનો શુભ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આવું જ એક પથનાટ્ય યુવાનો દ્વારા મંગળવારે શ્રી પી કે ચૌધરી મહિલા આટ્ર્સ કૉલેજ ખાતે ભજવવામાં આવ્યું હતું. માનવતાનો સંદેશો લઈને આવેલું નાટક વિદ્યાર્થીઓ, સ્ટાફને ખૂબ પસંદ પડ્યું હતું. ૪૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ આ નાટક રસપૂર્વક નિહાળ્યું હતું અને તેની સરાહના કરી હતી. આ પ્રસંગે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના અગ્રણી હરિભાઈ ચૌધરી, ગોવિંદભાઈ ચૌધરી, કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું ગૌરવ



ગાંધીનગર, તા. ૩૦

શૈક્ષણિક ક્રાંતિ દ્વારા સામાજિક ક્રાંતિ લાવવાના ધ્યેયને વરેલું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સામાજિક ઉત્થાન માટેના તેના પ્રયત્નોને કારણે ઉત્તરોઉત્તર પ્રગતિના શિખરો સર કર્યે જાય છે. 'કર ભલા હોગા ભલા'ના આદર્શને અનુરૂપ ઈ.સ. ૧૯૧૯માં ૭ વિદ્યાર્થીઓની હોસ્ટેલથી શરૂ કરીને આજે અનેક શાળાઓ તથા કોલેજના સંચાલન સાથે કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટીનું સંચાલન કરી કેજીથી પીએચડીનું શિક્ષણ આપી રહી છે.સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ૯૭ વર્ષના કાર્યમાં તેના દ્વારા સંચાલિત સંસ્થાઓએ અનેક સિદ્ધિઓના સોપાન સર કરેલા છે.

તે જ પરંપરામાં તાજેતરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળની બે કોલેજો, ગાંધીનગરના સેક્ટર-૨૩ કેમ્પસ ખાતેની ઉમા આટ્ર્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ અને કડી ખાતેની પ્રમુખસ્વામી આટ્ર્સ અને સાયન્સ કોલેજએ વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે.

ગાંધીનગરની સુપ્રસિદ્ધ ઉમા આટ્ર્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમીશન દ્વારા કોલેજ વીથ પોટેન્શીયલ ફોર એક્સેલન્સનો સતત બીજી વખત એવોર્ડ મળેલ છે. જે અંતર્ગત કોલેજના વૈવિધ્ય પૂર્ણ વિકાસ માટે આગામી પાંચ વર્ષ માટે યુજીસી નાણાકીય સહાય આપશે. તદુપરાંત ભારતના જાણીતા શિક્ષણક્ષેત્રના જર્નલ "કેરિયર ૩૬૦" દ્વારા યોજાયેલા સર્વેમાં સમગ્ર ગુજરાતની આટ્ર્સ, કોમર્સ તથા સાયન્સ કોલેજોની યાદીમાં આ કોલેજે છઠ્ઠું સ્થાન પ્રાપ્ત કરેલ છે. તથા પ્રમુખસ્વામી આર્ટસ અને સાયન્સ કોલેજ કડીને નવમું સ્થાન મળેલું છે. વળી પ્રમુખ સ્વામી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજને યુ.જી.સી.તરફથી બી.વોક.તથા કોમ્યુનિટિ કોલેજના કોર્સિસ ચલાવવા માટેની આર્થિક સહાય અને કે.સી.જી.એકેડેમિક એન્ડ એડમિનિસ્ટ્રેવ ઓડીટમાં પ્રથમ રેન્ક પણપ્રાપ્ત થયેલ છે. આમ,સર્વ વિદ્યાલય કેળવણી મંડળની બે કોલેજોએ ગુજરાતની ટોપ ૧૦ કોલેજમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આ બન્ને કોલેજોની સિદ્ધિ તેમનો NAAC નો ૭ ગ્રેડ, કોલેજ વીથ પોટેન્શીયલ ફોર એક્સેલન્સનું બે વાર પ્રાપ્ત થયેલ સ્ટેટસ, વિદ્યાર્થીઓના કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો, રોજગાર લક્ષી કાર્યક્રમો, અન્ય સજ્જતા, આચાર્ય તથા અધ્યાપકોના સંશોધન તથા પ્રકાશન ક્ષેત્રે પ્રદાન, વિદ્યાર્થીઓની અભ્યાસ ઉપરાંત અન્ય પ્રવૃત્તિઓમાં સફળતા વિગેરે જેવા આયામોને ધ્યાનમાં રાખીને આ ક્રમ મળેલ છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ સાહેબે આ સિદ્ધિઓ માટે બન્ને કોલેજના આચાર્યો ડૉ. અમૃતાબેન પટેલ તથા ડૉ.અજયભાઈ ગોર તથા તમામ સ્ટાફ સભ્યોને અભિનંદન પાઠવેલ છે. તેમજ મંડળ દ્વારા પ્રસ્થાપિત ઉજ્જવળ પરંપરાઓને જાળવી રાખી હજી વધારે આગળ વધારવા માટે વધુ પ્રયત્નશીલ રહેવા જણાવેલ છે.

# સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલોની ફી હવેથી એક સાથે નહીં પણ દર એક-બે માસે લેવાશે

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં આવેલી સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલો દ્વારા હવેથી એક વર્ષની ફી એક સાથે નહીં, પણ દર એક-બે માસે લેવામાં આવશે તેમ રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. રાજ્યના શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા બાદ વાલીઓ-વિદ્યાર્થીઓને પડતી તકલીફોનો ઉકેલ લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વાલીઓ-વિદ્યાર્થીઓના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી વાલીઓને એક સાથે મોટી રકમ ભરવામાંથી મુકિત પણ મળે અને દર માસે ફીની રકમ ભરે તો તેને આર્થિક ભારણ પણ ઘટશે. આ ઉપરાંત જવલ્લે જ શાળા છોડીને જવાના કિસ્સાઓમાં ફી પરત મેળવવાના કેસમાં સરળતા રહે અને વિવાદ અટકાવી શકાશે. વાલીઓ, વિદ્યાર્થીઓ અને સંચાલકોની અનુકૂળ એવો આ નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે, જેથી કરીને બધાને સરળતા રહે તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે કાનૂની ઈતિહાસ અંગે અલભ્ય પ્રદર્શન



ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે 'પૉર્ટ્રેઈંગ ધ જ્યુડિશિયલ હિસ્ટ્રી ઑફ ધ સિટીઝ ઑફ ઈન્ડિયા : ધ ફોટો હિસ્ટ્રી ઑફ ઈન્ડિયન લિગલ હૅરિટેજ' વિષયે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુજરાત હાઈકૉર્ટના જજ જસ્ટિસ મુકેશ આર શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. જીએનએલયુના લિગલ હિસ્ટ્રી મ્યુઝિયમનાં કન્વીનર ડૉ. રિચા શર્મા અને મ્યુઝિયમનાં આસિ. ક્યુરેટર ઈન્દુબાળા નાહકપમ દ્વારા આ પ્રદર્શન તૈયાર કરવામાં આવ્યું છે, જેનો હેતુ ઈન્ડિયન લિગલ સિસ્ટમમાં આવેલી તબદિલીઓની ધડકન ઝીલવાનો છે.

ભારતમાં પ્રથમ વખત યોજાઈ રહેલા આ પ્રદર્શનમાં ઈન્ડિયન લિગલ સિસ્ટમનાં વિવિધ પાસાં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. તેમાં કેટલાંક રૅર ફોટોગ્રાફ્સ પણ સામેલ કરવામાં આવ્યાં છે.

## જે. એસ. પટેલ શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

શ્રી જોઈતારામ શંકરદાસ પટેલ વિદ્યામંદિર ખાતે આઝાદી-૭૦ યાદ કરો કુરબાની અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિત્ર સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, નાટીકા-એકપાત્રીય અભિનય, દેશભક્તિ ગીતો ગાવાની સ્પર્ધા અને ઈ.સ. ૧૮૫૭ વિષય ઉપર વક્તવ્ય સહિતની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. અંતમાં જે.એસ. પટેલ અને ઈંગ્લિશ સ્કૂલ રાંધેજાના તમામ વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફમિત્રો દ્વારા રાષ્ટ્રગીતનું સમૂહગાન કરવામાં આવ્યું હતું. આ તમામ સ્પર્ધાઓમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## અમદાવાદ ખાતે સ્મૃતિ ભાવાંજલિનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત વિદ્યાપીઠ, દર્શક ફાઉન્ડેશન, દર્શક ઈતિહાસનિધિ અને ગુજરાત વિશ્વ કોશના સંયુક્ત ગૂજરાત વિદ્યાપીઠ હીરક મહોત્સવ હોલ ખાતે મંગળવારે સ્મૃતિ ભાવાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નવલ કથાકાર અને કર્મશીલ મહાશ્વેતાદેવી તથા પુરાતત્વવિદ્ નિષ્ણાત અને વિદ્વાન મધુસુદન ઢાકીને સ્મૃતિ ભાવાંજલિ અપાઈ હતી. ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અનામિકા શાહ, રઘુવીર ચૌધરી અને કુમારપાળ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે બ્રિટનના સાંસ્કૃતિક મંત્રીની શિક્ષણમંત્રી ચુડાસમા સાથે શુભેચ્છા મુલાકાત



ગાંધીનગર, તા.૩૦

સાંસ્કૃત્તિક મંત્રી અને બ્રિટિશ કાઉન્સિલના કન્ટ્રી ડાયરેકટર એલન જીમેલ ઓબેએ રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની સોમવારે સ્વર્ણમ સંકુલ ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ મુલાકાત પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્યના વિદ્યાર્થીઓ વિશ્વના વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરી શકે તેવું શ્રેષ્ઠ શૈક્ષણિક વાતાવરણ ઉભું કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આગામી ૨૦૧૭માં ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવનાર છે, જેના ભાગ રૂપે શિક્ષણ વિભાગ દ્વારા આગામી ૧૮ ઓકટોબરના રોજ એક દિવસીય શિબિર (પ્રિ-વાયબ્રન્ટ)નું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રિ-વાયબ્રન્ટ ઈવેન્ટસમાં રાજ્ય સરકાર વતી બ્રિટિશ સાંસ્કૃત્તિક મંત્રીને શિક્ષણક્ષેત્રના અલગ અલગ આયામોમા સંયુક્ત રીતે કામ કરવા ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. છેલ્લા બે વખતથી વાયબ્રન્ટ સમિટ પહેલા શિક્ષણ અને ઉદ્યોગ જેવા વિભાગો દ્વારા પ્રિ-વાયબ્રન્ટનું આયોજન પણ કરવામાં આવે છે. જેમાં અલગ અલગ નિષ્ણાતો-તજજ્ઞોના સંબોધનો થાય છે અને તેમનું માર્ગદર્શન મેળવવામાં આવે છે, તેમ પણ મંત્રીએ કહ્યું હતું.

આ વખતની શિક્ષણ વિભાગની એક દિવસીય શિક્ષણ શિબિરમાં કેન્દ્રીય એચ.આર.ડી. મંત્રી પ્રકાશ જાવેડકર પણ ઉપસ્થિત રહેશે. એકસચેન્જ ઓફ સ્ટુડન્ટસ અને એકસચેન્જ ઓફ ટીચર્સ આ પ્રકારના શૈક્ષિણક કાર્યક્રમોનું પણ આયોજન આગામી સમયમાં રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવનાર છે, તેમ પણ મંત્રી શ્રી ચૂડાસમાએ ઉમેર્યું હતું.

આ મુલાકાત પ્રસંગે બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનર જીઓફ વેઈન, બ્રિટિશ કાઉન્સિલ વેસ્ટ ઈન્ડિયાના ડાયરેકટર શેરોન મેમીશ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



શ્રી સ્વામીનારાયણ ગાદી સંસ્થાન દ્વારા નિર્મિત વિશ્વના પ્રથમ ઈકો મંદિર - શ્રી સ્વામીનારાયણ મંદિર, કિંગ્સબરી, લંડન ખાતે આયોજિત પાટોત્સવમાં લંડનના મેયર સાદિક ખાન ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મેયરે આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી મહારાજનું અભિવાદન કર્યું હતું.

# માનવીય સંબંધો : અભાવ અને અતિરેક વચ્ચે સંતુલન



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

ગ્રીકની એક પૌરાણીક દંતકથા છે. એક રાજા એવું જાણવા અને સમજવા માંગતા હતા કે માનવીય સંબંધો વિનાનું જીવન કેવું હોઈ શકે? આ વાતને સમજવા માટે રાજાએ એક પ્રયોગ કર્યો. એક ઓરડામાં નવા જ જન્મેલા બાળકને રાખવામાં આવ્યું. આ ઓરડામાં તમામ પ્રકારની સગવડતાઓની વ્યવસ્થા કરવામાં આવી. બાળકની બધી જ પ્રકારની ભૌતિક સગવડતાઓ પૂરી પાડવાની પણ વ્યવસ્થા કરી, પણ એક વાતની સખ્ત મનાઈ ફરમાવવામાં આવી કે બાળકના જીવનમાં કોઈપણ પ્રકારનો માનવીય હસ્તક્ષેપ નહિ. એ ઓરડામાં માનવીય અવાજ નહિ, માનવીય શબ્દો નહિ, બાળક સામે માનવીય ચહેરો નહિ અને બાળકને માનવીય સ્પર્શ પણ નહિ. બાળકને શારીરિક રીતે જીવવા માટે બધું જ પ્રાપ્ત પણ બાળકને ક્યાંય માનવીય અસ્તિત્વનો ભાસ ના થવો જોઈએ. રાજાની આજ્ઞા પ્રમાણે બધુ જ થયું. આ પરિસ્થિતીનું પરિણામ એવું આવ્યું કે થોડા જ દિવસોમાં એ બાળકનું મૃત્યુ થયું.

પોતાના પ્રયોગના બીજા તબક્કામાં રાજાએ એ જ ઓરડામાં બીજા નવા જન્મેલા બાળકને મૂક્યું. બધી જ ભૌતિક સગવડતાઓ સાથે બાળકની કાળજી રાખવા માટે રાજાએ સોએક માણસોને પણ એ જ ઓરડામાં રાખ્યા. એ બધી જ વ્યક્તિઓને પોતપોતાની રીતે બાળકની કાળજી રાખવા માટે રાજાએ આદેશ આપ્યો. આ બીજા તબક્કાના પ્રયોગનું પરિણામ પણ એવું જ આવ્યું. થોડા જ દિવસોમાં એ બાળકનું મૃત્યુ થયું.

જાપાનમાં થોડા વર્ષો પહેલાં એક હવા ચાલી હતી. નિવૃત્ત દંપતિઓને દોઢ થી બે મહિના પ્રવાસે લઈ જઈ દંપતિઓને સતત સાથે રાખવાની હવા. 'રિટાયરમેન્ટ ક્રૂ'ના નામે ટ્રાવેલ એજન્ટોએ નિવૃત્ત થઈ રહેલા દંપતિઓ માટે દોઢ-બે મહિનાના પ્રવાસોનાં આયોજન કર્યાં. આ પ્રવાસોના કાર્યક્રમોના હેતુઓ કંઈક આમ હતા. 'વ્યવસાય અને કાર્યબોજને કારણે વ્યક્તિ સાઠ વર્ષ સુધી પોતાના જીવનસાથીને સમય નથી આપી શકતી. વ્યકિત જીવનસાથી સાથે જોઈએ એટલો સમય વિતાવી નથી શક્યા. દંપતિઓ સાથે જીવવાની પોતાની અમુલ્ય ક્ષણો ચૂકી ગયા છે. આ કાર્યક્રમ દરમ્યાન દંપતિઓ સતત-ચોવીસ કલાક સાથે રહી શકશે અને વિતી ગયેલી, સાથે માણવાની કે ગૂમાવી ચૂકેલી તકો દંપતિઓને ફરીથી મળશે અને દંપતિઓના દામ્પત્યજીવનનો એક નવો આધ્યાય નવા સ્વરૂપે શરૂ થશે, જીવનની અમૂલ્ય ક્ષણો જીવનસાથી સાથે વિતાવવાની તક મળશે' અનેક પ્રકારની ભૌતિક સગવડતાઓ સાથે જીવનસાથીનું સતત સાનિધ્ય મળશે અને જીવનસાથીને એકદમ નજીકથી વધુ ઓળખવાની તક મળશે એ આશયથી જાપાનના હજારો દંપતિઓ આ પ્રકારના 'રિટાયરમેન્ટ ક્રૂ'ના કાર્યક્રમોમાં જોડાયા.

કાર્યક્રમમાં ભાગ લેવા માટે લોકોએ લાખો જાપાનીઝ યાનનો ખર્ચ કર્યો. જે દંપતિઓ જીવનમાં ક્યારેય આઠ-દસ દિવસ પણ સતત સાથે રહીને પોતાનું દામ્પત્યજીવન માણી શક્યા ના હતા તેઓ આ કાર્યક્રમમાં દોઢથી બે મહીના પોતાના જીવનસાથી સાથે રહ્યા અને તેમને નજીકથી ઓળખવાનો પ્રયત્ન કર્યો. દોઢ બે મહીના સતત સાથે રહ્યા પછી કેટલાયે દંપતિઓને પોતાના જીવનસાથી વિષે જાણીને આશ્ચર્ય પણ થયું કે 'ઓહ ! મારા જીવનસાથી વિષે મને આટલી તો ખબર ના હતી !' કેટલાકને આનંદ થયો તો કેટલાકને દુઃખ થયું. આ પ્રકારના કાર્યક્રમોનું એક પરિણામ એ આવ્યું કે ઘણા દંપતિઓએ છૂટાછેડા લેવા માટે અરજીઓ કરી. પરિણામ સ્વરૂપે જાપાન સરકારે આ પ્રકારના 'રિટાયરમેન્ટ ક્રૂ' કાર્યક્રમો ઉપર પ્રતિબંધ લગાવી દીધો.

મકાન હાથથી બનેલું હોય છે. ઘર હૃદયથી બને છે. હૃદયમાંથી લાગણીઓ અને સંવેદનાઓનો જન્મ થાય છે. માનવીની સંવેદનાઓ માનવીને સ્પર્શે છે ત્યારે સંબંધો બંધાય છે. સંબંધો થકી માનવી જીવે છે. વ્યક્તિના જીવનમાં સંબંધોનો શૂન્યાવકાશ સર્જાય તો વ્યક્તિ માટે એ શૂન્યાવકાશ અસહ્ય બની જાય છે. માનવીય લાગણી, માનવીય સંવેદના, માનવીય સ્પર્શ થકી જ વ્યક્તિ જીવંત રહે છે અને જીવંત રહી શકે છે. માનવીય સંબધોનો જીવનમાં શૂન્યાવકાશ સર્જાય તો વ્યક્તિની હાલત પેલી ગ્રીક દંતકથાના પહેલા બાળક જેવી થઈ શકે છે.

મારા એક ખાસ મિત્ર મને હંમેશાં કહે છે કે લાગણી, પ્રેમ કે સ્નેહનો અતિરેક તેને હંમેશા ગુંગળાવે છે.મિત્રો, સ્નેહીઓ, સંબંધીઓ કે ઓફિશિયલ મુલાકાતો દરમ્યાન જો કોઈપણ વ્યક્તિ કે વ્યક્તિઓ આ મિત્ર પ્રત્યે વધુ પડતું માન, સન્માન, સ્નેહ કે પ્રેમ વ્યક્ત કરે છે તો એ મિત્ર ખરેખર એક પ્રકારની ગુંગળામણ અનુભવે છે અને ત્યાંથી તેને ભાગી છૂટવાનું મન થાય છે. આ તેની બચપણથી જ પ્રકૃતિ છે. પેલા રાજાના પ્રયોગના ભોગ બનનાર બીજા બાળકનું પણ એવું જ થયું. માનવીય સંવેદના, સ્પર્શ કાળજીનો અતિરેક કદાચ એ બાળક સહન ના કરી શક્યું અને મૃત્યુને પ્યારું થયું.

'રિટાયરમેન્ટ ક્રૂ' ના કાર્યક્રમમાં ભાગ લેવા ગયેલા દંપતિઓ પોતાના જીવનસથી વિષે પૂરી જિંદગી દરમ્યાન જાણી ના શક્યા એટલું દોઢ-બે મહિનાના સહવાસ દરમ્યાન જાણી ગયા. સહવાસનો કદાચ આ અતિરેક હતો. સંવેદના, પ્રેમ કે લાગણીના અતિરેકને તેઓ કદાચ સહન ના કરી શક્યા અને પરિણામે આ દંપતીઓએ છૂટાછેડા લેવા માટેનો જીવનનો કઠિન નિર્ણય લેવો પડ્યો.

સંબંધોનું રહસ્ય આ જ છે. Not too much, Not too little. but just right. લાગણી અને સંવેદનાઓના અભાવને કારણે પણ વ્યક્તિ ગુંગળાય છે એમ લાગણી અને સંવેદનાઓના અતિરેક થકી પણ વ્યક્તિ ગુંગળાય છે. માનવીય સંબંધોમાં અભાવ અને અતિરેક વચ્ચે સંતુલન જાળવી શકાય તો વ્યક્તિ સંબંધોનો આનંદ માણી શકે.

સંબંધોમાં સંતુલન જાળવવાની કાળજી પણ વ્યક્તિએ પોતે જ રાખવી પડે. આ અંકુશ વ્યક્તિ બીજા કોઈને સોંપી ના શકે. સંબંધોના સંતુલન જાળવવા માટે વ્યક્તિએ સતત જાગૃત રહેવું પડે. ક્યાંક થોડીક પણ ચૂક થઈ જાય તો માઠા પરિણામો આવી શકે. સંબંધોના સંતુલન માટે આપણે સૌ જાગૃત રહીએ.

# સોહર પોર્ટ એન્ડ ફ્રી ઝોન મધ્ય પૂર્વનું નવું પ્રવેશદ્વાર

ગાંધીનગર, તા. ૩૦

સોહર (SOHAR) પોર્ટ અને ફ્રી ઝોને ૯ સપ્ટેમ્બર અમદાવાદમાં હયાત રિજન્સી હોટેલમાં એક પ્રેઝન્ટેશન અને રાઉન્ડ ટેબલ ડિસ્કશનનું આયોજન કર્યું છે, જેના માટે મહેમાનોને આમંત્રિત કરવામાં આવ્યા છે. લોજિસ્ટિક્સ, ફૂડ, મેન્યુફેક્ચરિંગ અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના સીઈઓ અને સીનિયર એક્ઝિક્યુટિવ્ઝનો આ માટે આગામી કેટલાક સપ્તાહોમાં સીધો સંપર્ક કરવામાં આવશે. માત્ર આમંત્રિતો માટે જ આ ઈવેન્ટ છે. આ ઈવેન્ટમાં રજિસ્ટ્રેશન માટે ફોન નં. ૦૨૨૬૧૩૧૧૫૩૪ અને ઈમેલ એડ્રેસ events @directologies.con પર કરાવી શકો છો.